ગાંધીનગર સમાચાર



## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

લાલઘૂમ તાપમાં મ્હોરતો,મસ્તીનો-
તોર તે ક્યાં ગયો ? કોઇ કહેતું નથી.
આ નગરની વચ્ચોવચ્ચ હતો એક,
ગુલમ્હોર તે ક્યાં ગયો ? કોઇ કહેતું નથી !

- મનોજ ખંડેરિયા

### પાથેય

- રમેશ ઠક્કર

## ખોવાઇ જતાં ગુલમ્હોર...

ઉનાળો આકરા પાણીએ છે...મધ્યાહ્નને શેરીઓ સૂમસામ થઇ જાય છે..તાપનો આલાપ પ્રલંબાય છે.ગ્રીષ્મનો પણ નજારો હોય છે..ભલે સ્થુળ અર્થમાં એ ધખારો હોય છે..તાપનું નામ એ જ આમ તો જીવન છે ને ? ગરમીમાં ગુલમ્હોર પુરબહારમાં ખીલી ઉઠે છે..એ રીતે જ જીવનના આકરા તાપ સામે કેટલાક માણસો ગુલમ્હોરની છટાથી ખીલી ઉઠતા હોય છે !

કામલપુર ગામમાં ધોમધખતા તાપમાં શિવુભાઇ કૂલ્ફીવાળા તડકો કોપાયમાન થાય એ પહેલાં ગાડામારગે ચાલીને આવી જતા...એમનું આગમન મેલાંઘેલાં બાળકો માટે ઠંડકની છડી પોકારતું... ખભે મોટી પેટી અને એ પેટીમાં ઠંડી રંગબેરંગી કૂલ્ફીના થર ભર્યા હોય..એમની એ પેટીમાં ઉમંગના અનેક કલરફૂલ થર ભરેલા રહેતા. શિવાભાઇ અલગારી જીવ હતા.નિર્લેપ એવા કે ભલભલા સાધુમહાત્માઓ પાણી ભરે ! મનુષ્યત્વનું એ વગડાઉ ફુલ ગણી શકાય એવા...એ દિવ્યાંગ હતા.. પગ જરાક લંઘાઇ જતા..જડબાં જકકડ રહેતાં...પણ હસી હસીને ફુલ ઝરે ગુલમહોર એવા એ લાગતા..! જે રીતે એક વૃક્ષ કોઇપણ જાતની અપેક્ષા વગર આપણી ઉપર ઉપકાર કરતું રહે છે એ રીતે આવા પરોપકારી લોકો જગતને કઇ રીતે ચાલવું એ શીખવી જાય છે..આ માટે કોઇ ધનવૈભવ કે મોટી શકિતઓની જરૂર હોતી નથી..ગુલમ્હોર કે ગરમાળા જેવાં એકાકી વૃક્ષો કોઇ નગરની સડક ઉપર કે એકાદ કોઇ ખૂણે કોઇપણ જાતની માવજત વગર આપોઆપ મ્હોરી જતાં હોય છે..એમને જોતાં જ થાકલો કોઇ મુસાફર કે વ્યથિત કોઇ માણસ શાતા અનુભવે છે..જેની પાસે મર્યાદિત શકિતઓ છે જે પોતે અભાવોમાં જીવે છે એવા પરોપકારી લોકો પણ પોતાની સંવેદના થકી અન્ય લોકોના જીવનમાં આનંદ છલકાવી જતા હોય છે..આજના હળાહળ સ્પર્ધા અને ભૌતિક મારામારીના સમયમાં આવા લોકો એકલા પડતા જાય છે..કદાચ લુપ્ત થતા ગયા છે.

શિવાભાઇ આવા એક જણ હતા.એમને બાળકો બહુ ગમતાં..એમના જીવતરના રંગો ભલે ગમગીન હતા, પણ..પેટીમાંથી પ્રગટતા કૂલ્ફીના રંગો અમારા બાળપણને રંગીન બનાવી દેતા.શિવાભાઇની કૂલ્ફી ખાવાની જે લિજજત હતી આજે ઉંચી ઈજજત ધરાવતી હોટલોમાં પણ એ મળતી નથી..!છેક તળિયે મલાઇ કૂલ્ફી રહેતી જે લાંબા ઇંતજાર પછી મળતી...એ મળે એટલે જાણે જીવનનો અર્થ મળી ગયો હોય એવું લાગી જતું..પ્રતીક્ષા પછીનો પરિતોષ એ પણ ગજબ ઉપહાર હોય છે..શિવાભાઇ જેવા માણસો પોતે તપીને અન્યને શીતળતા આપતા હોય છે..આજકાલ આવા માણસો જાણે ગાયબ છે !જીવતરની કરૂણતા અને પોતાના અંગત અભાવોને બાળકોના આનંદમાં ગોપાવી અમારા શૈશવને ઝગારામય બનાવનાર શિવાભાઇ આજે કયાં હશે..? સ્મૃતિ પણ ગજબ ચીજ છે..એની આગળ બધું જ નાચીજ છે...બળબળતા ઉનાળાની પણ એક શાતા હોય છે..ગરમીમાં ઓગળતી સ્મૃતિઓ સ્વાદ જીવનની વહી ગયેલી પળોને જીવંત કરી જાય છે દમયંતીના સ્પર્શથી જીવંત બની જતાં મત્સ્યની જેમ...

# પાકિસ્તાનની કુંડળીમાં ખંડિત લોકશાહી યોગ લખાયેલો લાગે છે

**તંત્રીસ્થાનેથી...**

પાડોશી દેશ પાકિસ્તાનમાં ફરી એકવાર રાજકીય અસ્થિરતાનું વાતાવરણ સરજાયું છે. અંગ્રેજોએ 'બ્રિટિશ ઈંડિયા' ને આઝાદી આપતાં પહેલાં જ એના બે દેશોમાં ભાગલા પાડી દીધા હતા. ધર્મના નામે અલગ દેશની માગણી કરનારા 'કાયદે આઝમ' પાકિસ્તાનના જનક બની રહ્યા હતા. એ પછી પાકિસ્તાનની 'લોકશાહી' કયારેક ઠંડા કલેજે બેસી શકી નથી. સૈન્યની અને કુખ્યાત જાસૂસી સંસ્થાની દખલ તથા અદાલતના દુરુપયોગ દ્વારા લોકશાહી સાથે વારંવાર દુખિયારી વિધવા સાથે ગુંડા તત્ત્વોની પજવણી થતી રહે છે એમ ચેડાં થતાં રહ્યાં છે. જમીનદાર માલેતુજાર પંજાબી અને સિંધ પ્રાંતના નબીરાઓ 'લોકશાહી'ના લીરા ઉડાડી ચૂંટાયા રહ્યા છે અને લશ્કરે અવારનવાર એ નબીરાઓનએ બેરહેમીપૂર્વક સત્તા પરથી ઉઠાડી મૂકી સત્તા હસ્તગત કરી છે. જૂનાગઢના દીવાન તત્કાલીન નવાબને ગેરમાર્ગે દોરી પાકિસ્તાન ભાગી ગયા. એમના શાહજાદા ઝુલ્ફીકાર અલી ભુટ્ટોનો વંશ પાકિસ્તાનના શાસક પરિવાર તરીકે ડોકાતો રહ્યો છે. અને ભુટ્ટોને ફાંસીએ લટકાવી દીધા પછી તથા બેનઝીરને જાહેર ચૂંટણી રેલી દરમિયાન લેસર શસ્ત્રથી ઉડાવી દીધા પછી પણ બેનઝીર ભુટ્ટોના પુત્ર બિલાવર અને પતિ પૂર્વ રાષ્ટ્રપતિ આસીફ અલી ઝરદારી પાકિસ્તાનના પીપલ્લ પાર્ટીના નેજા હેઠળ સક્રિય રહ્યા છે. પંજાબના ઉદ્યોગપતિ જાગીરદાર શરીર ફરિવારે પણ વારંવાર સત્તામાં ભાગબટાઈ કરી છે. નવાઝ શરીફને ખુદ વાજપેયી પણ શરીપ વડાપ્રધાન સમજી દિલ્હીથી લાહોર બસયાત્રા કરીને ગયા હતા. જોકે તત્કાલીન સેના પ્રમુખ જનરલ મુશર્રફે ભારતીય વડાપ્રધાનને સલામ ભરવાનો વિવેક નહોતો દાખવ્યો અને શાંતિને સંદેશો લઈને ગયેલા અટલજી કારગિલનું યુદ્ધ લઈને પાછા ફર્યા હતા. મોદીને પણ ફરી સત્તા પર આવેલા શરીફ સાથે ઘરોબો કેળવવાની ચેષ્ટા દાખવી હતી જેમાં એમને નામોશી જ સાંપડી હતી. જનરલોએ પાકિસ્તાન પર ટૂકડે ટૂકડે વર્ષો સુધી રાજ કર્યું છે. અયુબખાન, ટિક્કાખાન અને ઝિયા ઉલ હક તથા મુશર્રફ એમના કાર્યકાળના ચૂંટાયેલા વડાપ્રધાનોને પદભ્રષ્ટ કરીને સત્તાનશીન થયા હતા. એ પછી લોકશાહી ઢબે ચૂંટાઈ જવાનું નાટક પણ કરતા રહ્યા હતા. પરંતુ પ્રજામાંથી સાચા અર્થમાં ચૂંટાઈ આવનાર પૂર્વ ક્રિકેટર કપ્તાન ઈમરાનખાન બાકીના તમામ શાસકોથી ઘણી બાબતોમાં નોખા પડે છે. એની નોંધ લેવી જ રહી. એ ખેલ જગતના લાકડા હીરો હતા. જેમિમા જેવી યુરોપ સુંદરીએ એમના પર ઓળઘોળ થઈ લગ્ન કરેલાં. રાજકારણ સોનાને પણ કશીરમાં ફેરવનારું રસાયણ છે. ખેલદિલીપૂર્વક પોતાના દેશને વિશ્વમાં હડધૂત થતો બચાવવા માગતા આ 'મિસ્ટર ક્લીન' સત્તા પર આવ્યા પછી એ જ લશ્કર અને અદાલત કે આઈએસઆઈની મહેરબાની માટે મૂલ્યો સાથે સમાધાન કરતા થઈ ગયા. એ જ જૂનો કાશ્મીર રાગ આલાપીને પૂર્વ સૂરિઓ કરતાં ભારત પ્રત્યે લેશ પણ ઓછા કટ્ટર નથી - એવું પ્રસ્થાપિત કરતા રહ્યા દેવાળિયા બની ગયેલા દેશને ચીનનું બગલબચ્ચું બનાવીને જંપ્યા. અફઘાનિસ્તાનમાં તાલિબાનને સમર્થન આપી દુનિયાભરમાં અળખામણા બન્યા અને યુદ્ધના વાતાવરણમાં ભારતના મિત્ર રાષ્ટ્ર રશિયાના રાષ્ટ્રપતિની મુલાકાત લઈ આવ્યા. પતનોન્મુખ પાકિસ્તાનને ઊજળું કરી બતાવવા હવાતિયાં મારતા રહેલા પાક વડાપ્રધાનના પગ નીચેથી જમીન ખસી ચૂકી છે. ખુદ એમણે સ્થાપેલી પાર્ટીના સાંસદો એમને છોડી રહ્યા છે. અવિશ્વાસનો પ્રસ્તાવ પસાર થાય એટલી બહુમતી સંયુક્ત વિપક્ષે ભેગી કરી લીધી છે. રઘવાયા બની ગયેલા ખેલાડી નેતાએ છેલ્લી સિકટર પ્રજા વચ્ચે મારવાની કોશિશ કરી છે અને વિપક્ષી નેતાઓના ભ્રષ્ટાચાર ખુલ્લા પાડી એમને જેલ ભેગા કરવાની ધમકી ઉચ્ચારી છે. સાથીઓ જ સાથ છોડી રહ્યા છે ત્યારે એમને ઝરદારી વિદેશી નાણાં વડે સાંસદો ખરીદી રહ્યા હોવાનો આરોપ લગાવ્યો છે. શરીફને એમને જનરલોની બુટ પોલિશ કરનારા કહ્યા છે. વાણીવિલાસ વચ્ચે તેઓ ભારતની લોકશાહીનાં વખાણ પણ કરી રહ્યા છે ! ઈમરાનખાનના શાસનકાળમાં મોંઘવારી, બેરોજગારી અને ભ્રષ્ટાચારે માઝા મૂકી હોવાનો આક્ષેપ સાથે આર્મીના વડા બાજવા પણ સહમત છે. એમને બધા પક્ષોની રાષ્ટ્રીય સરકારનો વિચાર પણ મૂકી જોયો, જો કે છેલ્લે તો પોતે જ લશ્કરી વડા તરીકે શાસનસૂત્રો હસ્તગત કરવા ટાંપીને બેઠેલા છે. પાકિસ્તાનની જન્મકુંડળીમાં 'ખંડિત લોકશાહી યોગ' લખાયેલો છે !

# આઈપીએલનો રોમાંચ કે વેપાર !

**મન-રંજન**
દ્વનિલ પારેખ





માર્ચ મહિનો આવે એટલે બોર્ડની પરીક્ષા આખા દેશમાં મોટે ભાગે શરૂ થતી હોય છે. ગુજરાતમાં પણ ૨૮ માર્ચથી બોર્ડની પરીક્ષાઓ શરૂ થઈ. આમ તો આ પરીક્ષા મોડી શરૂ થઈ કહેવાય પણ કોરોનાને ધ્યાનમાં રાખીને આ પરીક્ષા મોડી શરૂ થાય એ યોગ્ય પણ છે. મુદ્દો બોર્ડની પરીક્ષા નથી પણ માર્ચ મહિનો એટલે ક્રિકેટરો માટે મનોરંજન અને કમાણીનો પણ મહિનો. કારણ કે આઈપીએલનું આયોજન માર્ચ માસમાં થતું આવ્યું છે.

આ જગ્યાએ અગાઉ ક્રિકેટ મનોરંજનની રમત બની ગઈ છે, એ વિશે લખ્યું હતું. એની પાછળ કારણભૂત આઈપીએલ છે. આખા દેશમાં પરીક્ષાનું અને એ પણ મહત્વની પરીક્ષાનું આયોજન થતું હોય ત્યારે આઈપીએલનું આયોજન કરવું કેટલું યોગ્ય છે? આ પ્રકારના આયોજનને સંમતિ આપનારા પણ એ બાબતનો વિચાર કરતા હશે કે કેમ ? એક બાજુ આઈપીએલનો રોમાંચ ચાલતો હોય અને બીજી બાજુ પરીક્ષાનું વાતાવરણ હોય ત્યારે કસોટી મા-બાપની અને વાલીઓની થતી હોય છે.

આઈપીએલ હવે સમગ્રયતા વાસ્તવિક ખેલનો તમાશો બની ગયો છે. ક્રિકેટરોને પણ એમાં વધુ નાણાં મળવાને કારણે વધારે રસ પડતો જાય છે. વાઘ લોહી ચાખી ગયો હોય એમ ક્રિકેટરો આઈપીએલનો લાભ ચાખી ગયા છે એટલે ક્રિકેટરો નિવૃત્ત થયા પછી પણ આઈપીએલ રમવાનું ચાલુ રાખે છે. આઈપીએલની વિવિધ ટીમ સાથે સંકળાયેલ કોચ અને મેનેજર પર નજર નાખીશું તો ખ્યાલ આવશે કે એ નજીકના સમયમાં જ નિવૃત્ત થયેલ ક્રિકેટરો જ હશે ! એક બાજુ ક્રિકેટરમાંથી નિવૃત્તિ લઈ લેવાની અને બીજી બાજુ કોચ કે મેનેજર બનીને કમાણી ચાલુ રાખવાની !

રમતને જયારે મનોરંજનનું સાધન બનાવી દેવામાં આવે અને એ માત્ર વ્યવસાયિક ખેલ, સત્તાનું પ્રતીક બની જાય ત્યારે એ રમત નિર્દોષ રહેતી નથી. એમાં હૂંસાતૂંસી ભળતી જાય છે અને આખરે એ ખરાબ પરિણામ તરફ ગતિ કરે છે. ફરી એકવાર યાદ અપાવું કે 'ઈનસાઈડ એજ' વેબ સિરિઝ જોવાથી આ રમતની પાછળનાં ભયંકર કાવાદાવાનો ખ્યાલ આવશે. માત્ર ક્રિકેટ જ શું કામ ? દરેક રમત ધીમે ધીમે વ્યાવસાયિક ખેલ અને મનોરંજનનું સાધન બનતી જાય છે. કબડ્ડી સ્તરે રમાતી નિર્દોષ કબડ્ડી હવે નિર્દોષ રહી નથી. ક્રિકેટની રમત સાથે સંકળાયેલા તમામ દૂષણો હવે કબડ્ડીમાં પણ પ્રવેશી ગયા છે. મનોરંજન અને વ્યવસાયના નામે આપણે ધીમે ધીમે બધી રમતોનો ખાત્મો બોલાવી રહ્યા છે. માણસના લોભને કંઈ થોભ નથી એટલે શું કરીએ ?

### દિન મહિમા

- ગુરુ હરકિશનની પુણ્યતિથિ, શીખ ધર્મના આઠમાં ગુરુ.
- મહાન ચિત્રકાર વિન્સેન્ટ વાન ગોગની જન્મજયંતિ.

### આજનું ઔષધ

- તુલસીના પાનને પીસીને ઘા પર બાંધવાથી ઘા રુઝાઈ જાય છે.

### ખડખડાટ

- પહેલા એક એ સિગ્નલ તોડ્યું ને સફાઈથી નીકળી ગયો.
તેની પાછળ બીજો, ત્રીજો, ચોથાએ પણ સિગ્નલ તોડ્યું.
પોલીસે તરત બીજા,ત્રીજા અને ચોથાને પકડ્યા, ચલણ ફાટ્યું ..!
પેલા કે, ઓલાને કેમ જવા દીધો સૌથી પહેલા તો એ જ હતો.
પોલીસએ કહ્યું ઈ અમારો માર્કેટિંગનો માણસ છે ઈ હમણાં પાછો આવશે ને પાછો સિગ્નલ તોડશે. અમારે પણ ટાર્ગેટ પૂરા કરવાના હોય ને....
# માર્ચ એન્ડીંગ...

### આજનો વોટ્સએપ

- મીઠું સ્મિત તીખો ગુસ્સો અને ખારા આંસુ આ ત્રણેયથી બનતી વાનગી એટલે 'જિંદગી'.

# સ્વ પ્રત્યેનો અનુરાગ ખુદના અંતર્ધ્વનિ પ્રત્યે બહેરા બનાવી દે છે.

**જાત સાથે વાત**
ધર્મેન્દ્ર ત્રિવેદી



**અરીસાની માયાજાળ . . .**
**આયનો પળવાર જો સામે ધર્યો તો શું થયું ?**
**એક ચહેરો આપણી પાછળ પડ્યો તો શું થયું ?**
**- હિતેન આનંદપરા**

હું નાનો હતો ત્યારે મા પોતાના બાળપણની એક રમુજી ઘટના અમને સંભળાવતી અને અમે તે સાંભળીને જાણે પોતે જ એ ઘટનાના સાક્ષી હોઈએ એટલું હસતા. મા કહેતી કે એની એક પિતરાઈ બહેન ગામડે રહેતી અને મા ના પિયરમાં શહેરમાં આવે ત્યારે અમારી એ માસી ઘરના એક રૂમમાં રહેલા મોટા અરીસા સામે ઊભી રહીને ઘડીભર જોઈ રહેતી. માસી પોતાના પ્રતિબિંબને નિરખતાં નિરખતાં તે પોતાના જ પ્રતિબિંબને જોતાં જોતાં પોતાના માથાથી પગ સુધી બેય હાથ લહેરાવતાં લહેરાવતાં બોલતી, "હું તો એટલી રૂપાળી, એટલી રૂપાળી . . . કે મારા રૂપનો તો કોઈ પાર નહીં!" અમે આ દૃશ્યની કલ્પના માત્રથી હસી હસીને લોટપોટ થઈ જતા.

કેટ-કેટલું સંકળાયેલું છે અરીસા સાથે. અરીસા માત્ર અપારદર્શક કાચ જ હોય અને તેના અન્ય અર્થવૈવિધ્ય હોય એવી સમજ નાર્સિસસની વાર્તા પ્રથમ વાર વાંચી ત્યારે આવી. હજારો વર્ષ પૂર્વે 'નૈમિષારણ્યે' નાર્સિસસ નામનો એક ફૂટડો યુવાન પાણીમાં પોતાનું જ પ્રતિબિંબ જોઈને પોતાના જ રૂપ ઉપર મોહિત થઈ ગયેલો એવી વાયકા છે. કહાની મજેદાર છે.

ગ્રીસ દેશમાં નાર્સિસસ નામનો એક રાજકુમાર બાળક હતો ત્યારે એક જ્યોતિષીએ આગાહી કરેલી કે નાર્સિસસ જો પોતાને કોઈ અરીસામાં નહીં જુએ તો તેનું આયુષ્ય ખૂબ લાંબુ છે. તેથી તેના મહેલના તમામ અરીસાઓ હટાવી લેવાયેલા. એ યુવાન થયો ત્યારે ઈકો નામની એક હૂર એના પ્રેમમાં પડી ગઈ. નાર્સિસસની પાછળ પાછળ, છુપાઈ છુપાઈને ફર્યા કરતી, પરંતુ પોતાના પ્રેમનો એકરાર કરતાં ડરતી. એક વાર જંગલમાં એનો પગરવ પામી ગયેલા નાર્સિસસે પૂછ્યું કે 'કોણ?' તો ડરમાં ઈકોએ સામે પૂછ્યું 'કોણ?' અને ઈકોને પકડી પાડી નાર્સિસસે. ઈકો એને હેતથી ભેટવા ગઈ પણ નાર્સિસસે એને હુકરાવી દીધી ! આઘાત પામેલી ઈકો એટલી હિજરાઈ કે એ સાવ સુકાઈ ગઈ અને બચ્યો માત્ર પડઘા રૂપે ધ્વનિ.

ઈકોના દેહાલોપ બાદ નાર્સિસસ પાણી પીવા એક શાંત જળાશય પાસે જાય છે અને જળમાં પોતાના જ પ્રતિબિંબના પ્રેમમાં પડી જાય છે. નાર્સિસસ પોતે પોતાને જ એટલો ગમી ગયો કે તે પોતાના જ પ્રતિબિંબને ચુંબન કરવા પ્રયત્ન કરે છે, પરંતુ જળમાં દેખાતી છબી વલયોમાં વિખેરાઈ જાય છે. આમ, નથી તે પાણી પી શકતો કે નથી પોતાના પ્રતિબિંબને ચૂમી કે પામી શકતો. અંતે નાર્સિસસ તરસથી મૃત્યુ પામે છે !

આજે દાઢી કરાવવા એક હેર સલૂનમાં બેઠો. સામે અને પાછળ માત્ર બે જ અરીસા લાગેલા હતાં. પરંતુ આ બે અરીસાના સહારે એવું છળ ઊભું થયું કે શું કહેવું ? સામેના અરીસામાં એક જ 'હું' હોય છે. પણ એ અરીસો આપણી અંદર રહેલા નાર્સિસસના અરીસાઓ સાથે કાવતરું કરીને કેટ-કેટલા 'હું' ઊભા કરે છે, જાણે અનંત 'હું' ની લાઈન લાગી હોય !

આ જ તો માયાજાળ છે . . . આપણે જ ગોઠવેલા 'હું' પદના અનંત અરીસા આપણને સ્વયંના બાહ્ય સ્વરૂપના એવા તો મોહમાં નાખી દે છે કે, આપણી જ અંદરથી ઉઠતા અસ્તિત્વના અવાજોને આપણે અવગણીએ છીએ. અંતે આપણા માંહ્યલાનું અસ્તિત્વ ઈકોની માફક ક્ષીણ બની જાય છે અને બચે છે માત્ર પડઘા. આપણે નાર્સિસસની જેમ જ અરીસાઓમાં દેખાતા 'હું'ના પ્રેમમાં એટલા પાગલ બની ગયા છીએ કે આપણા પોતાના અંતર-ધ્વનિને ઠુકરાવીને પણ આપણે સ્વને ચુમવા આજીવન મથ્યા કરીએ છીએ. પરંતુ હાથમાં શું આવે છે ? અરીસાની માયાજાળ અને ઈકોના પડઘા.

**- હેન્ડબ્રેક :**

'તમે દૈવી પુસ્તકનું એક પ્રકરણ છો, બ્રહ્માંડનું સર્જન કરનાર શક્તિનો અરીસો છો, તમે જે કંઈ પણ માંગો તે તમારી જાત પાસે જ માંગો અને તમે જે શોધી રહ્યાં છો તે ફક્ત તમારી અંદર જ મળી શકશે.'

- રુમિ

Cell : 9978405967
djtrivedi@gmail.com

# 'સ્વાર્થ સ્નેહીઓનો સીંચી અમે એકલતાનું મોતી પકવ્યું, સત્ય જોઈ આંખો મીંચી, અમે એકલતાનું મોતી પકવ્યું'

**એમ પણ બને...**
પારૂલ અમિત



આપણે જેને પોતીકા માનતા હોય , આપણા જે પોતીકા હોય એજ જ્યારે પોતાના હું પણાના આવેશમાં પોતાપણાના ભાવમાં સ્વાર્થ દાખવતા હોય છે, ત્યારે તે વ્યક્તિ એકલતામાં સરતો જાય છે.

વાત હૈયાની કોને જઈને કહું ? કોણ સમજ છે? કોણ કહેશે સત્ય સાર? નઈ સમજે તો ? મને કોઈ સમજતું નથી. અને બીજી ઘણીબધી ભ્રમણાઓમાંથી ઉદભવતા પ્રશ્નો, આગમાં ઘીનું કામ કરે છે.

માણસ મન પર ભ્રમણાઓ હાવી થઈ જાય છે.

તે એકલતાની ઝપેટમાં આવી જાય છે. બસ એનું મન અવિરત ભમ્યા કરે છે. પોતાની સાથે લડયા કરે છે. દલીલ અને તારણ બંને સાથે આપ્યા કરે છે. અને શોધ્યા કરે છે, પોતાના અસ્તિત્વને....

વ્યક્તિત્વ અને અસ્તિત્વ વચ્ચે દરિયાની લહેરો પર હિલોળા ખાતી નાવ જેવી જિંદગી.

એકલતા અનુભવતો વ્યક્તિ ડિપ્રેસનમાં સરી પડે છે.

એકલતાની ઝપેટમાંથી બહાર આવવા શું કરવું.

અહમ દૂર કરવાનો નથી, અહંકાર દૂર કરવાનો છે. અહમ એટલે હું તે અસ્તિત્વને માટે વપરાય છેઃ 'હું છું'. પોતે જે સ્વરૂપ છે તેના માટે 'હું છું' એમ કહેવું, તે અહંકાર નથી.

પરંતુ હું અને હું જ... હું જ સાચો તો જરૂર આ 'હું પણું'કહેવાય.

બધા જીવોને પોતાના અસ્તિત્વનું ભાન હોય છે, પરંતુ માણસોને જ નથી હોતું.

ચાલો આજે આપણને પુછીએ કે 'હું કોણ છું'?

પોતાના ખરા સ્વરૂપને ઓળખીએ. વધુ પડતા જ્ઞાન નહીં પણ અજ્ઞાનતાના કારણે જ માનવી હું પણા નો શિકાર બન્યો છે.

હું કોણ છું? : સ્વયંને કેવી રીતે ઓળખવું શી રીતે?

શું આપણે આપણી જાતને ક્યારેય પુછ્યું છે કે, 'ખરેખર હું કોણ છું? પરંતુ આપણને નાનપણથી એજ ખબર છે કે હું એક સ્ત્રી, પુરુષ, પતિ, પત્નિ, મિત્ર પછી મેનેજર, કે ડોકટર છું. આટલુ જ જ્ઞાન છે.

અને આ જ બધા સંબધોના કારણે દુઃખો ઉભા થાય છે, કારણ આપણને હું મેનેજર છું એમ કહેતા અહમ આવી જતો હોય છે.અથવા હું આની પત્નિ..

પરંતુ આપણું સાચું સ્વરૂપ આપણે જાણતા જ હોતા નથી.

આપણા જીવનનો ધ્યેય શું છે એજ આપણે જાણતા હોતા નથી.

આપણે ભૂલી જઈએ છીએ કે બધા સંબધોથી ઉપર આપણે માણસ છીએ.

શ્રી રાજેશ વ્યાસ "મિસ્કીન "કહે છે કે
હૈયે તો છું પણ હોઠેથી ભુલાઈ ગયેલો માણસ છું,
હું મારા ડાબે હાથે ક્યાંક મુકાઈ ગયેલો માણસ છું.

# શહેરી વિસ્તારમાં ઢોર રાખવા લાયસન્સ ફરજીયાત

## એક વર્ષ સુધીની સજા તથા પાંચ લાખ સુધીનાં દંડની જોગવાઈ

**કાયદો અને કાનૂન**
અશ્વિન ત્રિવેદી



રખડતા ઢોરનાં કારણે રાજ્યમાં રોડ અકસ્માતમાં ઘણાં બધા નિર્દોષ લોકોનાં મોત થાય છે. તેથી શહેરી વિસ્તારમાં રોડ ઉપર રખડતાં ઢોર ઉપર પ્રતિબંધ લાદવા કાયદો વિધાનસભામાં પસાર થવા જઈ રહ્યો છે. હવેથી નવા કાયદા મુજબ શહેરી વિસ્તારમાં પશુપાલકે ઢોર રાખવા માટે લાયસન્સ મેળવવું ફરજીયાત બનશે. રખડતા ઢોર પકડતા તંત્રનાં સ્ટાફ ઉપર પણ હુમલા પશુપાલકો દ્વારા વધતા જાય છે. તેને નાથવા માટે પણ કાયદામાં કડક જોગવાઈ લાવવામાં આવશે. આવા હુમલા કરનારને એક વર્ષની કેદની સજાની જોગવાઈ તથા દંડની જોગવાઈ તથા આવો દંડ એક લાખ સુધીનો અથવા બન્નેની જોગવાઈ કરવામાં આવી છે.

આ કાયદો તા. ૩૧/૦૩/૨૦૨૨ થી ગુજરાતમાં અમલમાં મુકવામાં આવશે. જો રીઢા ગુનેગાર દોષિત ઠરે તો બે વર્ષ સુધીની કેદ તથા એક લાખ થી પાંચ લાખ સુધીનો દંડ તેમજ બંન્ને સજા અમલમાં મુકવામાં આવશે.

ઘણી વખત ઢોર પકડવા તંત્ર દ્વારા ગાડી મુકવામાં આવે છે. તેનો પીછો કરી ઢોર ને ભગાડવાનો ઢોર માલિકો દ્વારા પ્રયત્ન કરવામાં આવે છે તથા અગાઉથી એરીયા પ્રમાણે ડબા પાર્ટીની જાણ કરવામાં આવે છે. આવી પ્રવૃત્તિ કરતા માલધારીની ધરપકડ કરવામાં આવતા ૩ મહિના સુધીની સજા અને દસ હજાર રૂપિયા સુધીના દંડની જોગવાઈ નવા કાયદામાં કરવામાં આવી છે.

લાયસન્સ વગર ઢોર મળી આવશે તો ઢોરનો માલિક ઢોરનો દાવો એટલે કે ઢોર પોતાનું હોવાનો દાવો કરે અને આવા ઢોરને ટેગ નહી લગાવેલ હોય તો ઢોર માલિકને દંડ ચુકવવો પડશે તથા પંદર દિવસમાં આવા ઢોરને ટેગ નહિ લગાડવામાં આવે તો ઢોર તંત્ર દ્વારા જપ્ત કરવામાં આવશે અને ઢોરનાં માલિકને એક વર્ષની કેદ અથવા ઢોર દિઠ દસ હજારથી વીસ હજાર સુધીનો દંડ તથા ઢોરનું લાયસન્સ મેળવેલ હોય તો લાયસન્સ રદ કરવામાં આવશે અને ઢોર તંત્ર દ્વારા જપ્ત કરવામાં આવશે.

શહેર વિસ્તારમાં રોડ ઉપર ગાયો ઉભી રાખી ઘાસચારાનું વેચાણ કરી આવું નિરણ ગાયોને નાખવામાં સખાવતી પ્રવૃત્તિ ઢોર માલિકો દ્વારા જ કરવામાં આવતી હોવાનું ધ્યાનમાં આવતા શહેરી વિસ્તારમાં આવી પ્રવૃત્તિ રોડ ઉપર કરી શકાશે નહી. ગોચર જમીન ઉપર જ ગાયોને ઘાસચારો નિરી શકાશે.

ગોચર જમીન ઉપર જ ઘાસચારાનું વેચાણ થઈ શકશે અને જો તેનો અમલ ના થાય તો દસ હજાર થી પચાસ હજાર સુધીનો દંડની જોગવાઈ કરવામાં આવી છે અને એક મહિનાની કેદની પણ જોગવાઈ કરવામાં આવેલ છે.

ઢોર મૃત્યુ પામે તો તેને બાળવા અને દાટવા માટે પણ જગ્યા નક્કી કરી હશે ત્યાં જ દફનવિધિ કરવી પડશે. તેમના માટે અલગથી સ્મશાનગૃહ મ્યુનિસિપલ તંત્રએ બનાવવા પડશે. ગમે ત્યાં મૃતપાય ઢોરને દાટવા ઉપર પ્રતિબંધ લદાશે. શહેરી વિસ્તારમાં રખડતાં ઢોરને પકડીને તેને રાખવા માટે અલગથી ઢોરવાડા ઉભા કરવામાં આવશે. ઢોરવાડાનાં ઢોર રખડતા પકડાશે તો તેના માલિક કે મેનેજરને પણ પચાસ હજારનો દંડ કરવામાં આવશે.

ઢોરનાં હેર-ફેર માટે પણ નિયમન લાદવામાં આવ્યા છે. સ્થાનિક સત્તામંડળની પૂર્વ મંજુરી સિવાય ઢોરને ટ્રાન્સફર કરવા ઉપર પ્રતિબંધ લદાશે. ટ્રાન્સફર માટેની પરવાનગી મેળવી તેની શરતોનું પાલન કરવાનું રહેશે. કતલખાના માટે લઈ જવાતા ઢોરને જાહેર કરાયેલા શહેરી વિસ્તારમાંથી લાવી શકાશે નહિ. ઢોરની નિયત કરાયેલા વાહનોમાં જ હેર-ફેર કરવામાં આવશે.

મહાનગરપાલિકા, નગરપાલિકા અને તેની લગોલગ આવેલા શહેરી વિસ્તાર ગણાય તેમાં પણ આ વિધેયકની જોગવાઈઓ લાગૂ પાડવામાં આવશે. કાયદા લાગૂ પડે તેનાં ત્રણ માસમાં ઢોર માલિકોને લાયસન્સ મેળવવાનું રહેશે. ઢોર રાખવાની પરવાનગી આપવામાં આવશે નહી. લાયસન્સ ઈન્સ્પેક્ટર ગમે ત્યારે ઢોર અને ઢોરવાડાનું ઈન્સ્પેક્શન કરી શકશે અને તેમાં શરતોનું ભંગ જણાય તો આવા લાયસન્સ રદ કરી ઢોરને જપ્ત કરી શકશે. ઢોરને લાયસન્સ મળ્યા પછી અઠવાડીયામાં ટેગ લગાડવાનું ફરજીયાત બનશે. ઢોરની વ્યાખ્યામાં ભેંસ, ગાય, વાછરડા, વાછરડી, આખલા, ગાય-ભેંસનું વાછરડું, બળદ, બકરા, બકરી, ઘેટા, ગધેડા જેવા ઢોરોનો સમાવેશ આ વિધેયકમાં કરવામાં આવ્યો છે. હવેથી પશુપાલકોએ શહેરી વિસ્તારમાં ઢોર રાખવા માટે ફરજીયાત લાયસન્સ મેળવી તેની શરતોનું પાલન કરવું પડશે તથા શહેરી વિસ્તારમાં ઢોર રખડતા મૂકવા ઉપર કાયદા દ્વારા પ્રતિબંધ લદાશે. તેનું પાલન ના કરનારને સજા તથા દંડ બંનેની જોગવાઈ કરવામાં આવી છે.

મો. ૯૮૨૫૪ ૫૦૧૯૧
info@trivediassociates.in